# VASHISHTHA GENESIS SCHOOL, BARDOLI

(Academic Session: 2026-27)

Date: ________ Class: 3 Div: B Roll No: ______ Sub: 2L. Gujarati

Name: ______________________________ Worksheet: ch-3, 4, 5 anskey

## 3 ત્રણ ઢીંગલીઓ

## અભ્યાસ

### સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ અકબરના દરબારમાં ઢીંગલીઓને લઈને કોણ આવ્યું ?**

જ.૧ અકબરના દરબારમાં ઢીંગલીઓ લઈને એક કલાકાર આવ્યો.

**પ્ર.૨ દરબારીઓને ત્રણે ઢીંગલીઓ કેવી લાગી રહી હતી ?**

જ.૨ દરબારીઓને ત્રણે ઢીંગલીઓ એકસરખી લાગી રહી હતી.

**પ્ર.૩ કઈ ઢીંગલી સહુથી સારી હતી ?**

જ.૩ ત્રીજી ઢીંગલી સહુથી સારી હતી.

**પ્ર.૪ ત્રણે ઢીંગલીઓમાં શું તફાવત હતો ?**

જ.૪ ત્રણે ઢીંગલીઓના સ્વભાવમાં તફાવત હતો.

**લિખિત**

**૧. પ્ર.૧ કલાકાર ઢીંગલી કોને આપવા ઈચ્છતો હતો ?**

જ.૧ કલાકાર સૌથી સારી ઢીંગલી શોધી આપનારને ઢીંગલી આપવા ઈચ્છતો હતો.

**પ્ર.૨ બીરબલે ઢીંગલીઓ વચ્ચેનો ભેદ કઈ રીતે શોધ્યો ?**

જ.૨ બીરબલે ઢીંગલીઓના કાનમાં ફૂંક મારીને ભેદ શોધ્યો.

**પ્ર.૩ બીજી ઢીંગલી કયા લોકો જેવી હતી ?**

જ.૩ બીજી ઢીંગલી તે લોકો જેવી હતી જે સાંભળેલી દરેક વાત અન્યને કહી દે છે.

**પ્ર.૪ ત્રીજી ઢીંગલી સૌથી સારી કેમ હતી ?**

જ.૪ ત્રીજી ઢીંગલી સૌથી સારી હતી કેમ કે, તે એવા લોકો જેવી હતી જેઓ અન્યની ગુપ્ત વાતો પોતાના સુધી જ રાખે છે.

**૨. કોણે, કોને કહ્યું ?**

૧. કલાકારે અકબરને કહ્યું.

૨. બીરબલે અકબરને કહ્યું.

૩. કલાકારે અકબરને કહ્યું.

૪. અકબરે બીરબલને કહ્યું.

**૩. યોગ્ય ઉત્તરની સામે (✓) ની નિશાની કરો.**

૧. કલાકાર કોના દરબારમાં આવ્યો ? ☑ અકબરના

૨. કલાકાર પાસે કેટલી ઢીંગલીઓ હતી ? ☑ ત્રણ

## ભાષાજ્ઞાન

**૧. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| બહાર | - | ···અંદર··· | પાસે | - | ···દૂર··· |
| આવવું | - | ···જવું··· | ગુણ | - | ···અવગુણ··· |
| સારું | - | ···ખરાબ··· | સુંદર | - | ···કદરૂપું··· |

**૨. સમાનાર્થી શબ્દ લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રયાસ | - | ···કોશિશ··· | હવા | - | ···વાયુ··· |
| હાથ | - | ···કર··· | મુખ | - | ···ચહેરો, વદન··· |
| ભેટ | - | ···સોગાદ··· | પુરૂષ | - | ···નર··· |

**૩. ટ, ઠ, ડ, ઢ વાળા શબ્દોનું યોગ્ય વર્ગીકરણ કરો.**

| (ટ) | (ઠ) | (ડ) | (ઢ) |
|---|---|---|---|
| ···ટપાલ··· | ···ઠોઠ··· | ···ડર··· | ···ઢાંકણું··· |
| ···ટોપલી··· | ··ઠળિયો··· | ···ડગલો·· | ····ઢીલુ··· |

**૪. નીચેના શબ્દોનો વર્ણ વિચ્છેદ કરો.**

કલાકાર = ··ક્·· + ··અ·· + ··લ્·· + ··આ·· + ··ક્·· + ··આ·· + ··ર્·· + ··અ··

અકબર = ··અ·· + ··ક્·· + ··અ·· + ··બ્·· + ··અ·· + ··ર્·· + ··અ··

બીરબલ = ··બ્·· + ··ઈ·· + ··ર્·· + ··અ·· + ··બ્·· + ··અ·· + ··લ્·· + ··અ··

# 4 સમયનું મહત્વ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ ઘણાં બધા ફૂલો મળવાથી શું બને છે ?**

જ.૧ ઘણાં બધા ફૂલો મળવાથી ગુલદસ્તો બને છે.

**પ્ર.૨ ઘર કેવી રીતે બને છે ?**

જ.૨ ઘણી બધી ઈંટોને એક-બીજા સાથે જોડવાથી એક સુંદર ઘર બને છે.

**પ્ર.૩ પળ-પળ જોડાવાથી શું બને છે ?**

જ.૩ પળ-પળ જોડાવાથી યુગ બને છે.

**પ્ર.૪ બુદ્ધિમાન કોણ કહેવાય છે ?**

જ.૪ સમયનું મૂલ્ય સમજનાર બુદ્ધિમાન કહેવાય છે.

### લિખિત

૧. **પ્ર.૧ ગુલદસ્તો એટલે શું ?**

જ.૧ ઘણા બધા ફૂલોના ગુચ્છાને ગુલદસ્તો કહે છે.

**પ્ર.૨ જળના અનેક બિંદુઓ મળી જાય તો શું બની શકે છે ?**

જ.૨ જળના અનેક બિંદુઓ મળીને સાગર બની જાય છે.

**પ્ર.૩ પળ અને યુગમાં શું અંતર છે ?**

જ.૩ પળ સમયનો નાનો હિસ્સો છે અને યુગ ઘણો લાંબો સમય છે.

**૨. યોગ્ય ઉત્તરની સામે (✓) ની નિશાની લગાવો.**

| | | |
|---|---|---|
| ૧. | ઈંટોથી બને છે. | ☑ ઘર |
| ૨. | જળના બિંદુઓથી બને છે. | ☑ સાગર |
| ૩. | કણ કણ માટીથી બને છે. | ☑ પૃથ્વી |
| ૪. | આ કાવ્ય માટે સૌથી યોગ્ય શીર્ષક. | ☑ સમયનું મહત્વ |
| ૫. | આ કાવ્ય દ્વારા આપણને શું શીખવા મળે છે ? | ☑ સમય અણમોલ છે |

## ભાષાજ્ઞાન

**૧. નીચે દર્શાવાયેલ શબ્દો કયા શબ્દના સમાનાર્થી શબ્દો છે તે કાવ્યમાંથી પસંદ કરીને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| …ફૂલ… | - | પુષ્પ, સુમન | …પૃથ્વી… | - | ધરા, ધરતી |
| …સાગર… | - | સમુદ્ર, જલધિ | …જળ… | - | પાણી, નીર |
| …ઘર… | - | મકાન, આવાસ | …મૂલ… | - | મૂલ્ય, કિંમત |

**૨. નીચેના શબ્દોના વચન બદલીને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઈંટ | - | …ઈંટો… | પેન્સિલ | - | …પેન્સિલો… |
| ગુલદસ્તો | - | …ગુલદસ્તાઓ… | કાંટો | - | …કાંટાઓ… |
| બિંદુ | - | …બિંદુઓ… | પાંદડું | - | …પાંદડાંઓ… |

**૩. નીચે દર્શાવાયેલ ઉદાહરણ પ્રમાણે શબ્દો લખો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સ્ત | - | …ગુલદસ્તો… | …અસ્ત… | ટ્ટ - | …પટ્ટી… | …દટ્ટો… |
| દ્ધ | - | …બદ્ધિ… | …બુદ્ધિમાન… | ત્ત - | …સત્તા… | …મહત્તા… |

# 5 રાજેન્દ્રબાબુ

## સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ ગજ્જન પાણી અંદર શા માટે લઈ જઈ રહ્યો હતો ?**

જ.૧ ગજ્જન નેતાઓના નહાવા માટે પાણી અંદર લઈ જઈ રહ્યો હતો.

**પ્ર.૨ એક વ્યક્તિએ ગજ્જનને શું કહ્યું ?**

જ.૨ એક વ્યક્તિએ ગજ્જનને કહ્યું-ભાઈ, જરા બાલટી આપી દો, હું પણ નાહી લઉં.

**પ્ર.૩ ગજ્જને વ્યક્તિને બાલટી કેમ ન આપી ?**

જ.૩ ગજ્જન પહેલાં પોતાનું કાર્ય પૂરું કરવા માંગતો હતો, તેથી તેણે તે વ્યક્તિને બાલટી ન આપી.

**પ્ર.૪ ગજ્જને રાજેન્દ્રબાબુ પાસે ક્ષમા શા માટે માંગી ?**

જ.૪ ગજ્જને જાણ નહોતી કે, જે વ્યક્તિએ તેની પાસે બાલટી માંગી હતી. તેઓ રાજેન્દ્રબાબુ પાસે ક્ષમા માંગી જેઓ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા.

**લિખિત**

**૧. પ્ર.૧ વ્યક્તિએ બાલટી શા માટે માંગી ?**

જ.૧ ઘણાં મહાન લોકોની સભા શરૂ થવામાં હતી. તે વ્યક્તિને પણ સભામાં બેસવાનું હોય છે, તેથી તેમણે નહાવા માટે બાલટી માંગી.

**પ્ર.૨ વ્યક્તિએ ગજ્જનની મદદ કઈ રીતે કરી ?**

જ.૨ વ્યક્તિએ પાણી ભરેલી બાલટી ભરાવીને અંદર પહોંચાડવામાં ગજ્જનની મદદ કરી.

**પ્ર.૩ રાજેન્દ્રબાબુ કેવી વ્યક્તિ હતા ?**

જ.૩ તેઓ સીધા, સરળ, નિખાલસ વ્યક્તિ હતા. તેમણે એક ગ્રામ્યસેવકની જેમ જીવન પસાર કર્યું.

**૨. યોગ્ય ઉત્તરની સામે (✓) ની નિશાની કરો.**

| | |
|---|---|
| ૧. વ્યક્તિએ ગજ્જનને શું આપવા કહ્યું ? | ☑ બાલટી |
| ૨. વ્યક્તિનું નામ શું હતું ? | ☑ રાજેન્દ્રબાબુ |
| ૩. આ પાઠનું નામ નીચેનામાંથી કયું હોઈ શકે છે ? | ☑ રાજેન્દ્રબાબુના મનની મોટાઈ |

## ભાષાજ્ઞાન

**૧. નીચે દર્શાવાયેલ સંયુક્ત વ્યંજનોના ઉપયોગ દ્વારા બે-બે શબ્દ બનાવો.**

| | | | |
|---|---|---|---|
| જ્જ | - ···ગજ્જન, સજ્જન··· | ન્ય | - ···ન્યાય, અન્ય··· |
| ક્ક | - ···મક્કા, અક્કલ··· | સ્ત | - ···સુસ્તાવું, વ્યસ્ત··· |

**૨. સંજ્ઞા અને સર્વનામ શબ્દો લખો.**

| | | | |
|---|---|---|---|
| સંજ્ઞા - | ···શરબત··· | ···લોટો··· | ···પાણી··· |
| સર્વનામ - | ···અમે··· | ···તું··· | ···આ··· |

**૩. શબ્દો જોડીને વાક્ય બનાવો.**

મારે હમણાં અંદર પાણી પહોંચાડવાનું છે. ગજ્જન રાજેન્દ્રબાબુના પગમાં પડી ગયો છે.

બસ, મને એક બાલટી દઈ દો. વ્યક્તિએ ઝટપટ સ્નાન કર્યું.